ગુજરાત સ્ટેટ એલિજીબીલિટી ટેસ્ટ ફોર આસિસ્ટન્ટ પ્રોફેસર ૨૦૨૬

સ્ટેટ એજન્સી, ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા

ઉમેદવારો માટે મહત્વપૂર્ણ સૂચનાઓ

1. ઉમેદવારને પરીક્ષાખંડમાં ફક્ત પારદર્શક બોલ પોઈન્ટ પેન, હોલ ટિકિટ અને કોઈપણ એક ફોટો ઓળખપત્ર જેમ કે પાન કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ, મતદાર ઓળખપત્ર, યુનિવર્સિટી/કોલેજનું ઓળખપત્ર વગેરે પોતાની સાથે લઈ જવાની મંજૂરી છે.

2. અન્ય રાજ્ય ના અનામત વર્ગના ઉમેદવારો , એટલે કે ગુજરાત રાજ્ય સિવાયના અનામત વર્ગના ઉમેદવારો, ને General કેટેગરીના ઉમેદવાર ગણવામાં આવશે. ફક્ત ગુજરાત રાજ્યના કાયમી નિવાસી ઉમેદવારો જ અનામતનો લાભ મેળવી શકે છે. તેથી, અન્ય રાજ્યના અનામત વર્ગના ઉમેદવારોએ તેમના ઓનલાઈન અરજી ફોર્મ તથા OMR જવાબ પત્રકમાં General કેટેગરી પસંદ કરવી આવશ્યક છે. આમ કરવામાં નિષ્ફળતા અપરાધ ગણાશે.

3. GSET પરીક્ષા માટે અનામત નીતિ ગુજરાત સરકાર અનુસાર રહેશે. ઉમેદવારોએ તેમના દાવાઓના સમર્થનમાં, માત્ર ગુજરાત રાજ્ય દ્વારા જ આપવામાં આવેલ જરૂરી પ્રમાણપત્રો છે તેની ખાતરી કરવી આવશ્યક છે. કેટેગરી-વાર ક્વોલિફાઈંગ સ્લોટ, ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે ગુજરાત રાજ્યની પ્રવર્તમાન અનામત નીતિના આધારે હશે.

4. ઉમેદવારે નોંધ લેવી કે GSET દ્વારા પ્રકાશિત થયેલ પરિણામ તદ્દન હંગામી/કામચલાઉ રહેશે. ઉમેદવારના વિષય માટેની યોગ્યતા અને GSET પરીક્ષાની માહિતી પુસ્તિકામાં દર્શાવેલ યોગ્યતાના માપદંડો અને અન્ય શરતો ચકાસ્યા બાદજ ઇ-પ્રમાણપત્ર આપવામાં આવશે. જો કોઈપણ કારણોસર, કોઈપણ તબક્કે(અજાણતાં કમ્પ્યુટર ભૂલ અથવા પ્રિન્ટરની ખામી વગેરે સહિત)ઉમેદવાર પ્રમાણપત્ર માટે અયોગ્ય જણાય તો, તે ઉમેદવારને GSET પરીક્ષામાં અનુત્તીર્ણ(not-qualified) જાહેર કરી અને પ્રમાણપત્ર રદબાતલ કરવામાં આવશે.

5. GSET પરીક્ષાનું પરીણામ જાહેર કર્યા પછી તુરંત તમામ ઉમેદવારોના GSETની પરીક્ષામાં મેળવેલ ગુણ GSET ની વેબસાઇટ: www.gujaratset.ac.in પર અપલોડ કરવામાં આવશે. આ સિવાય GSET કાર્યાલય કોઇ પણ પાસ કે નાપાસ થનાર ઉમેદવાર ને કોઇપણ પ્રકારનું ગુણપત્રક આપશે નહીં. GSET પરીક્ષામાં પુનઃમૂલ્યાંકનની કોઈ જોગવાઈ નથી.

6. ગુજરાત SET કાર્યાલય ફક્ત ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોને ઈ - પ્રમાણપત્ર એનાયત કરશે. ઈ - પ્રમાણપત્ર વેબસાઇટ www.gujaratset.ac.in પરથી ડાઉનલોડ કરી શકાય છે. કોઇપણ સફળ ઉમેદવારને પ્રમાણપત્રની છપાયેલ / હાર્ડ કૉપિ મોકલવામાં આવશે નહીં.

7. જો કોઈ ઉમેદવાર અનુસ્નાતક કક્ષાએ ૫૫% (SEBC-નોન ક્રીમી લેયર/SC/ST/PwD/થર્ડ જેન્ડર માટે ૫૦%) ગુણ ધરાવતો નથી અથવા રાઉન્ડિંગ ઓફ સાથે ૫૫% (SEBC-નોન ક્રીમી લેયર/SC/ST/PwD/થર્ડ જેન્ડર માટે ૫૦%) ગુણ ધરાવતા હોય, તો તે/તેણી પરીક્ષામાં બેસવા માટે લાયક નથી.

8. ઉમેદવારોને ઇન્સ્ટ્રુમેન્ટ્સ, ભૂમિતિ અથવા પેંસિલ બોક્સ, હેન્ડબેગ, પર્સ, કોઈપણ પ્રકારની પેપર / સ્ટેશનરી / ટેક્સ્ચ્યુઅલ સામગ્રી (મુદ્રિત અથવા લેખિત સામગ્રી), ખાણીપીણી(છૂટક અથવા પેકેટ્સ), મોબાઇલ ફોન/સ્માર્ટ ફોન / સ્માર્ટ વોચ / ઇયરફોન / માઇક્રોફોન / પેજર, કેલ્ક્યુલેટર, ડોક્યુપેન, માપપટ્ટી, લોગ કોષ્ટકો, કેમેરા, ટેપ રેકોર્ડર, કેલ્ક્યુલેટરની સુવિધાવાળી ઇલેક્ટ્રોનિક ઘડિયાળો, કોઈપણ ધાતુની વસ્તુ અથવા ઇલેક્ટ્રોનિક ગેજેટ્સ / ઉપકરણો પરીક્ષાખંડમાં સાથે લઈ જવાની મંજૂરી નથી. પરીક્ષા કેન્દ્રમાં કોઈપણ ઉપકરણ/સામાન રાખવા માટે કોઈ લોકર આપવામાં આવશે નહીં.

9. પરીક્ષા કેન્દ્રના મુખ્ય પ્રવેશદ્વાર આગળ ઉમેદવારોની સઘન ચકાસણી કરવામાં આવશે. દરેક ઉમેદવારે આ માટે પરીક્ષા શરૂ થવાની ૬૦ મિનિટ પહેલાં પરીક્ષા સ્થળ પર હાજર થઈ જવું અને ચકાસણીમાં સહકાર આપવો. પરીક્ષા શરૂ થવા માટે નિર્દિષ્ટ સમયના ૩૦ મિનિટ પહેલાં પરીક્ષા ખંડ/રૂમ ખોલવામાં આવશે. ૨૦ મિનિટથી વધુ મોડા આવનાર કોઈપણ ઉમેદવારને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહીં. દરેક ઉમેદવારને રોલ નંબર સાથે ચિહ્નિત થયેલ બેઠક ફાળવવામાં આવશે. ઉમેદવારોએ સવારે ૦૯:૧૦ વાગ્યા સુધીમાં તેમને ફાળવેલ બેઠકો શોધીને બેસી જવું.

10. દરેક ઉમેદવારે પરીક્ષાખંડમાં નિરીક્ષક દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે અને નિરીક્ષક કે પરીક્ષાની અન્ય કામગીરી કરી રહેલ પરીક્ષાકર્મી સાથે કોઈપણ પ્રકારની દલીલ કે તકરાર કરવી નહીં. દરેક ઉમેદવારે નિરીક્ષક/પરીક્ષા અધિક્ષક/ઑબ્ઝર્વર દ્વારા માંગવામાં આવે ત્યારે હોલ ટિકિટ રજૂ કરવાની રહેશે.

11. ઉમેદવારે પેપર- I ની પ્રશ્ન પુસ્તિકામાંથી, પ્રશનપુસ્તિકાનું SEAL ખોલ્યા વગર, પેપર- I અને II માટેનું સંયુક્ત કમ્પ્યુટરાઇઝડ OMR (Optical Mark Recognition) જવાબપત્રક બહાર ખેંચી લેવું. ઉમેદવારે નીચે આપેલી સૂચનાઓ અનુસાર કમ્પ્યુટરાઇઝડ OMR જવાબપત્રકમાં જવાબ લખવાં:
    - જવાબ આપવા માટે ફક્ત ભૂરી અથવા કાળી બોલ પોઈન્ટ પેનનો ઉપયોગ કરવો. પેન્સિલનો ઉપયોગ ન કરવો.
    - પ્રશ્નોના જવાબો ફક્ત OMR જવાબ પત્રક પર,અનુક્રમે, પેપર - I અને પેપર - II ના વિભાગો હેઠળ જ ચિહ્નિત કરવાનાં રહેશે. જો ઉમેદવાર OMR જવાબ પત્રકમાં આપેલ વર્તુળ સિવાય અન્ય સ્થાને જવાબ ચિહ્નિત કરે છે, તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.

12. ઉમેદવારે પેપર I માટે સવારે ૦૯:૩૦ વાગ્યા પહેલાં અને પેપર II માટે સવારે ૧૦.૩૦ વાગ્યા પહેલાં પ્રશ્ન પુસ્તિકાનાં સીલ સાથે ચેડાં કરવા નહીં.

13. દરેક પેપર માટે ફાળવેલા સમયમાં પ્રશ્ન પુસ્તિકા અને OMR જવાબ પત્રક પર દર્શાવેલ સૂચનાઓ વાંચવા અને યોગ્ય વિગતો ભરવા માટે જરૂરી સમયનો સમાવેશ થયેલ છે. દિવ્યાંગ (PwD) ઉમેદવારો સિવાય અન્ય કોઈ ઉમેદવારને વધારાનો સમય આપવામાં આવશે નહીં.

14. પ્રશ્નપત્રનો જવાબ આપતા પહેલા, ઉમેદવારે પ્રશ્ન પુસ્તિકા અને OMR જવાબ પત્રકમાં આપેલી જગ્યામાં પોતાનો રોલ નંબર લખવો. ઉમેદવારે પ્રશ્ન પુસ્તિકાના મુખપૃષ્ઠ પર અને OMR જવાબ પત્રકની પાછળ આપેલી સૂચનાઓ કાળજીપૂર્વક વાંચી લેવી અને તેમને આપવામાં આવેલી OMR જવાબ પત્રક અને પ્રશ્ન પુસ્તિકા પાનાં નંબર, પ્રશ્નોના ક્રમાંક, વિષય કોડ નંબર અને ઉમેદવારે પસંદ કરેલ વિષયના સંદર્ભમાં ખામીયુક્ત નથી એમ ખાતરી કરવી જોઈએ અને જો કોઈ ક્ષતિ જણાય તો તેના બદલે નિરીક્ષક પાસેથી પ્રશ્ન પુસ્તિકાની બીજી નકલ મેળવી શકે છે.

15. જો કોઈ ઉમેદવાર OMR જવાબ પત્રકમાં કોઈપણ જગ્યાએ પોતાનું નામ લખે છે અથવા ઉમેદવારોની ઓળખ જાહેર કરી શકે એવા કોઈ ખાસ નિશાન મૂકે છે, તો તેણે ગેરવાજબી રસમો હેઠળ ગેરલાયક ગણવામાં આવશે.

16. અરજી ફોર્મ અને OMR જવાબ પત્રકમાં ઉમેદવારોની વિગતોમાં કોઈ વિસંગતતાના કિસ્સામાં OMR જવાબ પત્રકમાં ભરેલી વિગતો અંતિમ ગણવામાં આવશે. તેથી, OMR માં તમામ સાચી માહિતી ભરવી એ ઓનલાઇન નોંધણી દરમિયાન થયેલી કોઈપણ ભૂલને સુધારવાની છેલ્લી અને અંતિમ તક છે. આ પછી માહિતીમાં ફેરફાર કરવા માટેની કોઈપણ વિનંતી સ્વીકારવામાં આવશે નહીં.

17. પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધી કોઈપણ ઉમેદવારને તેની બેઠક કે પરીક્ષા ખંડ છોડવાની મંજૂરી આપવામાં આવશે નહીં. પરીક્ષાની પહેલી અને છેલ્લી ૨૦ મિનિટ દરમિયાન કોઈપણ ઉમેદવારને શૌચાલયમાં જવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

18. પરીક્ષા પૂર્ણ થયા પછી પરીક્ષા હોલ/રૂમ છોડતા પહેલા ઉમેદવારે ઓરીજનલ OMR જવાબ પત્રક નિરીક્ષકને પરત કરવાની રહેશે. કોઈપણ સંજોગોમાં ઓરીજનલ OMR જવાબ પત્રક પરીક્ષા હોલ/રૂમની બહાર લઈ જઈ શકાશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા પછી એટલે કે બપોરે ૧૨.૩૦ વાગ્યા પછી જ ઉમેદવારો પેપર I અને II ની પ્રશ્ન પુસ્તિકાઓ અને OMR જવાબ ની કાર્બનલેસ ડુપ્લિકેટ નકલ પોતાની સાથે લઇ જઈ શકશે.

19. પરીક્ષા કેન્દ્ર/ખંડમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કરવા બદલ દોષિત ઠરનાર કોઈપણ ઉમેદવાર ભવિષ્યની GSET પરીક્ષા માટે ગેરલાયક જાહેર કરવામાં આવશે.
20. પરીક્ષા કેન્દ્ર/ખંડમાં ધૂમ્રપાન, ગુટકા ચાવવું, થૂંકવું વગેરે પર પ્રતિબંધ છે.
21. ઉમેદવારોને કોઈ મુસાફરી ભથ્થું ચૂકવવામાં આવશે નહીં.

Gujarat State Eligibility Test for Assistant Professor 2026

State Agency : The Maharaja Sayajirao University of Baroda, Vadodara

Important Instructions for Candidate

1. The candidates are allowed to carry only Transparent Ball Point Pen/s, Hall Ticket and Any one Photo Identity Card e.g. PAN Card, Aadhar Card, Driving License,Voter ID, University / College ID Card etc. with them into the Examination venue.

2. The candidates of other States, i.e., other than Gujarat State, belonging to reserved category shall be treated as General category candidates. Only the candidates domicile of Gujarat state can avail reservation benefits. Therefore, other state-reserved category candidates must select General Category in their online application form and OMR Answer Sheet. Failure to do this will be an offense.

3. The Reservation policy for GSET examination is as per the Government of Gujarat. Candidates must ensure that they have necessary certificates issued by the Gujarat state only, in support of their claims. Category-wise Qualifying slots will be based on the prevalent reservation policy of the Gujarat State for admission in Higher Education.

4. Candidate should note that result published by GSET will be only provisional. Candidate will be issued E-certificate only after checking subjects eligibility and other eligibility conditions outlined in information bulletin of GSET examination. In the event of a candidate being found ineligible at any stage for the certificate due to any reason (including unintentional computer error or printer ' s devil etc.), he / she will be declared as not-qualified in GSET Examination and certificate will be withdrawn.

5. The marks of all the candidates will be placed on GSET website: www.gujaratset.ac.in soon after the declaration of the result. Besides this, GSET Office will not issue any mark sheet to any qualified / not-qualified candidate. There is no provision of re - evaluations.

6. GSET Office will issue E-certificates to the qualifying candidates only. E-certificates can be downloaded from website www.gujaratset.ac.in. Printed / Hard Copy of Certificate will not be issued / sent to any Successful Candidate.

7. If a candidate does not possess 55% (50% for SEBC-Non Creamy Layer/SC/ST/PwD/Third Gender) marks at Master Degree Level or possess 55 % (50% for SEBC-Non Creamy Layer/SC/ST/PwD/Third Gender) (marks with rounding off) , He / She is not eligible to appear in the examination.

8. Candidates are NOT allowed to carry Instruments, Geometry or Pencil box, Handbag, Purse, any kind of Paper/ Stationery/ Textual material (printed or written material), Eatables (loose or packed),Mobile Phone/Smart Phone/ Smart Watch/ Earphone/ Microphone/ Pager, Calculator, DocuPen, Slide Rules, Log Tables, Camera, Tape Recorder, Electronic Watches with facilities of calculator, any metallic item or electronic gadgets/ devices in the Examination Hall/Room. NO LOCKER WILL BE PROVIDED TO THE CANDIDATE AT THE CENTRE TO KEEP ANY SUCH DEVICE/BAGGAGE.

9. Frisking of the candidates will be done properly at main entry gate of the exam centre. The candidates should report at the examination centre 60 minutes prior to commencement of examination and cooperate in frisking. The examination hall/room shall be opened 30 minutes before the time specified for the commencement of the examination. No candidate who is late by more than 20 minutes shall be admitted to the examination. A seat marked with a roll number shall be allotted to each candidate. The candidates shall be required to find out and occupy the seats allotted to them by 9:10 am.

10. The candidates have to follow the instructions given by the invigilators in the examination hall / room and should not argue with the invigilators or other staff involved in the examination duty at the examination centre. Each candidate shall have to produce his/her Hall Ticket on demand by the Invigilator/Examination Superintendent/Observer.

11. One common (combined) Computer OMR (Optical Mark Recognition) answer-sheet for Paper- I and II has to be taken out from test booklet of Paper - I without opening SEAL of Test Booklet. Candidate has to fill up the answer-sheet as per the instructions given below:
    - Use only Blue / Black Ball point pen to answer. PENCIL SHOULD NOT BE USED.
    - ANSWERS TO THE QUESTIONS ARE TO BE INDICATED ON OMR Answer Sheet ONLY UNDER RESPECTIVE SECTIONS OF PAPER - I and Paper - II. If candidate marks response at any place other than in the circle in the OMR Answer Sheet, it will not be evaluated.

12. Candidate should not tamper the seal of the Test Booklets before 9:30 a.m. for Paper I and 10.30 a.m. for Paper II.

13. The time allotted for each paper includes time required to read instructions appearing on the Test Booklet and OMR Answer sheet and for filling entries at the appropriate places. No extra time will be provided except in case of Persons with Disabilities (PwD) candidates.

14. Before beginning to answer the paper, the candidate should write his/her roll number in the space provided in the Test Booklet and OMR Answer sheet and nowhere else. The candidate should read carefully the instructions appearing on the cover page of the Test Booklet and on the back side of OMR Answer sheet and check that the Test Booklet and OMR Answer sheet supplied to him/her is not defective and if so, may secure another copy from the invigilator in lieu of the first one. The Test Booklet should be checked with reference to page numbers, serial number of the questions, code number and the subject offered by the candidate.

15. If a candidate writes his/her name or puts any special mark at any place in the OMR Answer sheet which may disclose, in any way, the identity of the candidates, he / she will render himself/herself liable to disqualification, under unfair means rule.

16. In case of any discrepancy in details of candidates in Application Form and OMR Answer sheet, the details filled up in OMR Answer sheet will be taken as final. Hence, filling all correct information in OMR is last and final chance to rectify any mistake occured during Online Registration. Any request for change in information will not be entertained henceforth.

17. No candidate shall be allowed to leave his/her seat or the examination hall/room until the examination is over i.e. 12.30 pm. No candidate shall be permitted to go to the washroom during the first and last 20 minutes of the examination.

18. The candidate shall have to return the Original OMR Answer sheet to the invigilator before leaving the examination hall/room after the examination is over. He / She shall not be allowed to carry Original OMR Answer sheet with him/her outside the examination hall/room in any case. Candidates are allowed to carry the test booklets of Paper I & II and carbon less duplicate copy of OMR Answer sheets after the examination is over i.e. 12.30 pm.

19. Any candidate found guilty of using unfair means of any nature in the examination hall/room shall be liable to be disqualified for future GSET Examination.

20. Smoking and taking tea/refreshment etc., by the candidates in the examination hall/room is strictly prohibited.
21. No TA / DA will be paid to the candidates.